આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૪ ૨૩ જુલાઇ ૨૦૧૨, સોમવાર, શ્રાવણ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના ૩૮ ગામોમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો ?

**પાણી પુરવઠાએ ૪૦૦ થી વધુ નમુના લીધા હતા તેમાં આ પરિણામથી ચોંકી ઉઠેલા તંત્રએ હવે પુનઃ નમુનાઓ મેળવી વધુ ચકાસણી કરવા નિર્ણય કર્યો : કલોલ અને દહેગામ તાલુકાના આ ગામો હોવાનું જણાઈ આવ્યુ છે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોના પાણીના સ્ત્રોતોના નમુના લઈ તેને ચકાસવામાં આવતાં ૩૮ ગામોના ટેસ્ટ નેગેટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે અને આ ગામોના નમુનાઓની પુનઃ ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લામાં તાજેતરમાં વાસ્મો દ્વારા તમામ ગામોના પાણીના સ્ત્રોતોમાંથી ૪૦૦ થી પણ વધુ નમુના લઈ અને ચકાસણી કરવામાં આવી હતી. આ નમુનાઓમાં ૩૮ ગામોના નમુનાઓ ચકાસણીમાં ખરા ઉતર્યા ન હતા. જિલ્લાના આ ગામો કલોલ અને દહેગામ તાલુકાના હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાંઆમેય ૧૭૦ જેટલા ગામોની પેયજળની ગુણવત્તા અંગે અગાઉ પ્રશ્નાર્થો ઉભા થયા હતા. આ પછી ગ્રામ્ય વિસ્તારોમાં નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠો આપવાનું અભિયાન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું હતુ જે ઉલ્લેખનીય છે.

જિલ્લાના ૩૮ ગામોના ટેસ્ટ રિપોર્ટ નેગેટીવ મળતાં ચોંકી ઉઠેલા તંત્રએ હવે આ ગામોના પુનઃ નમુના લેવાનો અને વધુ ઊંડી તપાસ કરાવવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન જિલ્લા વહીવટી તંત્રએ પણ ચોમાસા દરમ્યાન પુનઃ એકવાર તમામ ગામોના નમુના મેળવી અને તેની ચકાસણી કરવામાં આવે તેવી સૂચનાઓ જારી કરી છે.

બીજી તરફ જિલ્લાની તમામ પ્રા. શાળા તેમજ માધ્યમિક શાળાઓમાંપણ પેયજળની ગુણવત્તા અને ક્લોરીનેશનની તપાસ હાથ ધરવાનું અભિયાન છેડવા માટે પણ જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપના અધ્યક્ષપદે મળેલ વોટર સેક્ટર રિફોર્મની બેઠકમાં પાણીના કનેક્શનોના લીકેજીસ જ્યાં જ્યાં જણાય ત્યાં તાકીદે કામગીરી હાથ ધરવા માટે જણાવાયુ હોવાનું પણ જાણવા મળેલ છે.

● અનુસંધાન પાના-૭ પર



તાલ ગરબા અને ડાન્સ ક્લાસ દ્વારા શનિવારે ગાંધીનગર ટાઉનહોલ ખાતે મિસ ગાંધીનગર, માસ્ટર ગાંધીનગર અને ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મિસ ગાંધીનગરનો ખિતાબ મયુરી જાનીને શિરે ગયો હતો. સ્પર્ધા બાદ મુખ્ય ત્રણેય વિજેતા સુંદરીઓએ ખુશખુશાલ મુદ્રામાં પોઝ આપ્યો હતો.

(તસવીર : દિપક જાની)

# પ્લાસ્ટીકની બેગ હવે ૪૦ માઈક્રોનથી પાતળી હશે તો વેપારીઓ સામે પગલાં

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં ૪૦ માઈક્રોનથી પાતળી બેગ હશે તો હવે તેવા વેપારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. આ નિયમ અગાઉ ૨૦ માઈક્રોનનો હતો. ખાસ કરીને રાજ્યના અભ્યારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનોમાં કડક પાબંધી લાગુ કરી દેવામાં આવી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે પ્લાસ્ટીકના વપરાશ માટે કેન્દ્ર સરકારે ઘડેલા નિયમોનું રાજ્યને પાલન કરવાનું થાય છે. રાજ્યમાં ગુટકા અને તમાકુમાં પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરાવ્યો છે પરંતું બજારમાં મળતી ચીજવસ્તુમાં હલકા પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. હવે પ્લાસ્ટીકની જાડાઇ સહિત ઉત્પાદન ઉપર રજીસ્ટ્રેશન નંબર, નામ સહિતની વિગતો ફરજીયાત પ્રસિદ્ધ કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

ગાંધીનગર સહિત રાજયભરમાં પુનઃચક્રિત (રસાયકસ્ડ) પ્લાસ્ટીકની થેલીઓમાં ખાદ્ય પદાર્થોનો સંગ્રહ કરવા, લઈ જવા, ફેંકવા અથવા પડીકારૂપે બાંધવા ઉપર પાબંધી છે. પ્લાસ્ટીકની થેલીઓ, વાસણ કે અન્ય ઉત્પાદક એકમોએ બોર્ડમાં નોંધણી કરવી જરૂરી છે.

સરકારે દાખલ કરેલા નવા નિયમ પછી નોંધણી માટે બોર્ડને કુલ ૫૩૯ અરજીઓ મળી હતી જે પૈકી

● અનુસંધાન પાના-૭ પર

# સેક્ટર-૩૦ બાદ હવાના પ્રદૂષણની માત્રા હવે નવા સેક્ટરો તરફ ફંટાઈ

**કડી હાઇસ્કૂલ પાસે તેમજ સેક્ટર-૮ આસપાસના વિસ્તારમાં તરતી રજકણોની સંખ્યામાં વધારો, કાર્બન ડાયોક્સાઇડ પણ જણાયો**

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની વસતી વધતી જાય છે તેમ તેમ પ્રદૂષણની માત્રા પણ ઉમેરાતી જાય છે પરંતું વૃક્ષોની સંખ્યા વધારે હોવાથી તેની અસર ઓછી જણાય છે. પ્રદૂષણમાં મુખ્યત્વે હવા, પાણી અને ધ્વનિનો સમાવેશ થાય છે. શહેરના માર્ગો વાહનોથી પણ હવે ભરચક બની રહ્યાં છે.

શહેરમાં પહેલાં જીઈબીના પ્લાન્ટના કારણે હવાના પ્રદૂષણની ઝેરી માત્રા સેક્ટર-૩૦ અને તેની આસપાસના ચાર-પાંચ સેક્ટરોમાં જોવા મળતી હતી, પરંતું આ પ્રદૂષણ હવે ઓછું થયું છે, હવે નવા સેક્ટરો તરફ હવાનું પ્રદૂષણ ફંટાયું છે. ખાસ કરીને સેક્ટર-૮ નજીકના વિસ્તારોમાં તરતી રજકણો વધારે જણાઈ છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે હવાની ગુણવત્તાના કરેલા મોનિટરીંગ પ્રમાણે શહેરના સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ધાબે સસ્પેન્ડેડ પાર્ટીક્યુલેટ મેટર્સ (તરતી રજકણો) ની સંખ્યા ૨૯૦ અને રિસ્પીરેબલ સસ્પેન્ડેડ પાર્ટીક્યુલર્સ મેટર્સ (આરએસપીએમ) ૯૯ મળ્યાં છે.



એનો સીધો અર્થ એ થયો કે શ્વાસોચ્છવાસના અંતરે રહેતી રજકણો, સલ્ફર ડાયોક્સાઈડ અને ઓકસાઈડ્સ ઓફ નાઈટ્રોજનની માત્રા વધી રહી છે. આ સ્થળે સલ્ફર ડાયોક્સાઈડ ૧૩.૫૪ અને ઓકસાઈડ્સ ઓફ નાઈટ્રોજનનું પ્રમાણ ૧૪.૪૨ છે.

સ્વીચયાર્ડ બિલ્ડીંગ ગેટ નં.૩, જીઈબીના ધાબા ઉપર આસએસપીએમ ૧૧૧, તરતી રજકણો ૨૮૧, સલ્ફર ૧૩.૮૬ અને ઓક્સાઈડ્સ ૧૫.૧૯ માલુમ પડ્યાં છે. કલોલમાં આર એન્ડ ડી લેબ, ઈફકો પાસે આ પ્રમાણ અનુક્રમે ૯૯, ૨૨૨, ૧૨.૫ અને ૧૧.૫૮ જોવામાં આવ્યું છે.

કડી હાઈસ્કૂલના ધાબે આ પ્રમાણ માપવામાં આવ્યું તો આરએસપીએમ ૬૪, તરતી રજકણોની સંખ્યા ૧૬૭, સલ્ફર ૧૦.૬ અને ઓક્સાઈડ્સ ૧૦.૫૮ દેખાયું છે. દહેગામમાં અનુક્રમે ૫૯, ૨૧૯, ૧૩.૯ અને ૧૪.૫૪ છે. એટલે કે જિલ્લામાં પણ પ્રદૂષણની માત્રામાં વધારો છે.

પરિસરની હવાની ગુણવત્તાનું મોનિટરીંગ સીટી એક્શન પ્લાન અંતર્ગત કરવામાં આવ્યું હતું જેમાં સેક્ટર-૩૦ની પોલીસ ચોકી પાસે આરએસપીએમ ૮૯, તરતી રજકણો ૨૫૪, સલ્ફર ૧૪.૧૪ અને ઓક્સાઈડ્સ ૧૪.૬૪ માલુમ પડ્યાં છે. એ જ પ્રમાણે સેક્ટર-૮ના સુવિધા સેન્ટર ઉપર પ્રમાણ માપવામાં આવ્યું તો આરએસપીએમ ૯૮, તરતી રજકણો ૨૪૦, સલ્ફર ૧૪.૯૨ અને ઓક્સાઈડ્સ ઓફ નાઈટ્રોજન ૧૬.૭૯ દેખાયા છે.

# બ્લોક હેલ્થ ઓફિસરનું નામાભિધાન બદલાયું તાલુકા આરોગ્ય અધિકારી કરાયુ

**આ અધિકારીએ રોજ સવારે નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબ તરીકે ફરજો બજાવવાની રહેશે**

ગાંધીનગર, તા. ૨૨

આરોગ્ય વિભાગે તાજેતરમાં એક પરિપત્ર કરી બ્લોક હેલ્થ ઓફિસરના નામાભિધાનમાં સુધારો કરી તાલુકા આરોગ્ય અધિકારી એવુ ઠરાવ્યુ છે.


આરોગ્ય વિભાગે કરેલા હુકમમાં જણાવ્યાનુસાર આ તાલુકા આરોગ્ય અધિકારીશ્રીએ સવારે ૯ થી ૧૨ દરમ્યાન ફરજીયાત તેમની કચેરીના નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી અધિકારી તરીકેની ફરજો બજાવવાની રહેશે.

આ પછી તેઓએ વહીવટીય કામગીરી સંભાળવાની રહેશે. રાજ્યમાં તબીબી અધિકારીઓની ઘટને પહોંચી વળવા માટે આરોગ્ય તંત્રએ આ મહત્વનો નિર્ણય લીધો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

બ્લોક હેલ્થ ઓફિસરોને વહીવટીય જવાબદારી વધુ હોવા છતાં હવે ફરજીયાત તેમણે નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજો બજાવવાની રહેશે. બ્લોક હેલ્થ ઓફિસ તાલુકા મથકે અને સામુહિક આરોગ્ય કેન્દ્ર વચ્ચેનું અંતર કાપ્યા પછી વહીવટીય કામગીરી કેટલો સમય કરી શકશે તે અંગે તંત્રના અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. આ ઉપરાંત સરકારની અન્ય યોજનાઓના અમલીકરણમાં પણ કેટલો સમય ફાળવી શકશે તે વિશે પણ મૌન સેવવામાં આવી રહ્યું છે.

આરોગ્ય તંત્ર દ્વારા એક તબક્કે બ્લોક હેલ્થ ઓફિસરોની જગ્યા જ નાબુદ કરવાની વિચારણા હાથ ધરાઈ હતી તેમજ આ મુદ્દે વહીવટી અધિકારીઓની અલાયદી કેડર ઉભી કરવાની વાત પણ વિચારાઈ હતી પરંતુ તે પછી આ વાત ફાઈલોમાં અટવાઈ ગઈ હતી. આરોગ્ય વિભાગે કરેલા આ નવા હુકમનું અમલીકરણ તાત્કાલિક અસરથી કરવા માટે પણ તંત્રને જણાવી દેવામાં આવ્યું છે.


## વધે તમારી નામના એવી અમારી શુભેચ્છાઓ


મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત


શ્રી રૂચિર ભટ્ટ
અધ્યક્ષ
ગાંધીનગર મહાનગરપાલિકા


શ્રી આર. સી. ફળદુ
પ્રમુખશ્રી
ગુજરાત પ્રદેશ, ભાજપ


અજયભાઈ પ્રજાપતિ
પ્રમુખશ્રી,
ભાજપ બક્ષીપંચ મોરચો, વોર્ડ-૪


હર્ષ બારોટ
મહામંત્રીશ્રી,
ભાજપ બક્ષીપંચ મોરચો, વોર્ડ-૪

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર **અધ્યક્ષશ્રી રૂચિરભાઈ ભટ્ટ**ની મંજૂરીથી તેમજ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર બક્ષીપંચના પ્રમુખશ્રી પંકજ ઠાકોર અને મહામંત્રી નરેન્દ્ર પંચાલ તેમજ ભીમસી આહિર દ્વારા કરવામાં આવેલી **અજયભાઈ પ્રજાપતિ**ની ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના વોર્ડ-૪ના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે તેમજ મહામંત્રી તરીકે **હર્ષ બારોટ**ની નિમણૂકને અમો આવકારી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ તેમજ ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધતા રહી બક્ષીપંચ સમાજની સેવાઓ કરો તેવી અમારી શુભકામનાઓ...

**શુભેચ્છકો**

| | | |
|---|---|---|
| ડો. અંકુર જે. પરમાર | ડો. તેજલ દલાલ | ડો. ભૂપેન્દ્રભાઈ પંચાલ |
| શ્રીજી ડેન્ટલ કેર, સેક્ટર-૭ | તેજ આઈ સેન્ટર, સેક્ટર-૭ | અમદાવાદ |
| ડો. નવીનભાઈ પટેલ | સંજયભાઈ એ. પ્રજાપતિ | ડો. મનીષભાઈ પટેલ |
| વાડજ, અમદાવાદ | જીનલ સિલેક્શન, સેક્ટર-૨૧ | વાડજ, અમદાવાદ |
| ડો. વિજયભાઈ પંચાલ | ડો. જયેશભાઈ અમીન | નરેન્દ્રસિંહ વાઘેલા |
| સુરત | ગેલેક્ષી સિનેમા પાસે, નરોડા | સરકીટ હાઉસ |
| આલમખાન પઠાણ | તાહીર શેખ | દર્પણ ધોળકીયા |